# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : જાગૃતિ વકીલ

### કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૦૪-૧૦-૨૦૨૩** **સમય- સવારે-૬.૫૦**

---

## લોકસભા ચુંટણી-ઈવીએમ ચકાસણી-રાજ્ય-કચ્છ :

આગામી સમયમાં યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણીના સંદર્ભમાં રાજયના બધા જ 33 જીલ્લાઓમાં–ઇવીએમની પહેલા તબક્કાની ચકાસણી કામગીરીનો આરંભ થયો છે.કેન્દ્રિય ચૂંટણીપંચના અધિકારીઓ તેમજ રાજયના મુખય ચૂંટણી અધિકારી અને જીલ્લા ચૂંટણી અધિકારીઓ,વેબ કાસ્ટીંગ દ્વારા ઇવીએમ–ની પહેલા તબક્કાની ચકાસણી કામગીરી ઉપર નિરીક્ષણ કરશે.

રાજ્યમાં ગઈકાલથી શરૂ થયેલી ઇવીએમની ચકાસણીની કામગીરી અંદાજે એક મહિના સુધી ચાલશે.જેમાં આશરે 90 હજાર બેલેટ યુનિટ,77 હજાર કંટ્રોલ યુનિટ અને 85 હજાર વીવીપીટી યુનિટની ચકાસણી કરાશે.આ ચકાસણીમાં યોગ્ય ઠરેલા ઇવીએમ નો ઉપયોગ ચૂંટણી દરમિયાન કરાશે.આ પ્રક્રિયા પારદર્શક રહે તે માટે ચૂંટણીપંચે ચૂંટણી તંત્રે બધા જ રાષ્ટ્રીય અને રાજયકક્ષાના માન્ય પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવાનું આમંત્રણ આપ્યું છે.

ચુંટણી વિભાગમાંથી મળતી માહિતી મુજબ ભુજ ખાતે વેર હાઉસમાં બેંગ્લોરની ભેલ કંપનીના ખાસ ૮ એન્જીનીયરોની ટીમ દ્વારા વિવીપેટની ચકાસણી શરૂ કરાઈ છે.જે કચ્છના ૮૩૦૨ ઈવીએમનું ફર્સ્ટ લેવલનું ચેકિંગ હાથ ધરશે.અને જે મશીનમાં ફોલ્ટ જોવા મળશે તેને તુરંત કંપનીને પરત કરવામાં આવશે.

**RNU અમદાવાદ**

---

## ક્રિકેટ-વર્લ્ડકપ :

ક્રિકેટ વર્લ્ડ કપ 2023ની સૌપ્રથમ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આવતીકાલ 5 ઓક્ટોબરના રોજ યોજાવાની છે.પહેલી મેચ ઇંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડની વચ્ચે રમાશે.ત્યારે ગઈકાલે બપોરે ઇંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડની ટીમ અમદાવાદ એરપોર્ટ ખાતે આવી પહોંચી હતી.બંને ટીમો અમદાવાદ એરપોર્ટથી સીધી હોટલ ખાતે પહોંચી હતી.ઢોલ નગારા અને ગુજરાતી પરંપરા મુજબ તેઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું ટીમના દરેક ખેલાડીઓ અને સ્ટાફને સાલ ઓઢાડી અને તેઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.બંને હોટલો ઉપર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. બંને ટીમો બુધવારે સવારે અને સાંજે નેટ પ્રેક્ટિસ માટે પહોંચશે.

**જાગૃતિ વકીલ**

---

## પંડિત શ્યામજી કૃષ્ણવર્મા-જયંતી :

કચ્છના સપૂત ક્રાંતિ ગુરુ પંડિત શ્યામજી કૃષ્ણવર્માની આજે 166મી જન્મજયંતિ છે.1857ના વિપ્લવનાં વર્ષમાં કચ્છ માંડવીમાં જન્મેલા શ્યામજી કૃષણવર્માએ વિદેશની ધરતી પરથી સ્વતંત્રતા સંગ્રામ માટે જંગ આદર્યો હતો.આજે તેમનાં જન્મસ્થાન માંડવી અને ભુજ ખાતે તેમની પ્રતિમાઓને વિવિધ સંસ્થાઓ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરી અંજલિ અપાશે.માંડવી નજીક તેમનાં અસ્થિનાં સ્થળે ક્રાંતિ તીર્થ સ્થાપિત થયું છે.તો ભુજમાં કચ્છ યુનિવર્સિટી સાથે ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્માનું નામ જોડી તેમની સ્મૃતિ કાયમ રીતે અંકિત થઈ છે ત્યાં પણ તેમને સ્મૃતિ વંદન કરાશે.

**ચંદ્રવદન પદ્દણી**

-----------------------------------------------------------------------------------

## મુન્દ્રા-સૈન્ય જવાનને આવકાર :

દેશની રક્ષા કાજે કચ્છમાંથી અનેક યુવાનો સેનામાં જોડાય રહ્યા છે અને વર્ષો પહેલા સેનામાં જોડાયેલા જવાનો જ્યારે નિવૃત્ત થઇને પોતાના માદરે વતન આવે છે.ત્યારે તેમની સેવાને બિરદાવવા આખું ગામ સામૈયુ કરી તેમને આવકારે છે અને સન્માન કરે છે.આ પરંપરા મુજબ મુન્દ્રા ખાતે મુન્દ્રા ખાતે માભોમની રક્ષાના 19 વર્ષ પૂર્ણ કરી વતન પરત ફરેલા જીતેન્દ્ર વિસનજી પરમારના માનમાં ગૌરવયાત્રા નું આયોજન કરાયું હતું.કારમાં વાજતે ગાજતે નીકળેલા નિવૃત્ત સૈનિક પર ત્યાં ઉપસ્થિત આગેવાનો અને નગરજનોએ પુષ્પવર્ષા કરી હતી.

**પરેશ મારૂ**

-----------------------------------------------------------------------------------

## દયાપર-લખપત-દીનદયાળ યોજના :

લખપત તાલુકાના મુખ્ય મથક દયાપર ખાતે દિન દયાળ અંત્યોદય યોજના રાષ્ટ્રીય ગ્રામીણ આઈજીવી કામ મિશન અંતર્ગત સ્વ સહાય જૂથો માટે બેંક લીકેજ અન્વિક એફ ક્રેડિટ કેમ્પ યોજાયો હતો,દયાપર તાલુકા પંચાયત કચેરીના સભાખંડ ખાતે મિશન મંગલમ દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં તાલુકાના અલગ અલગ ગામોના 35 જેટલા સખી મંડળના લાભાર્થીઓને રૂ.63.5 લાખ મંજૂર લોનના ચેક આપવામાં આવ્યા હતા..

**જાગૃતિ વકીલ**

-----------------------------------------------------------------------------------

## જખૌ-આઈસ ફેક્ટરી-વીજતંત્ર દરોડા :

નલિયાને જખૌ આસપાસ ૪ મોટી આઈસ ફેક્ટરી ઉપર વીજ તંત્રની વિજીલન્સ વિભાગની ટીમે ગઈકાલે દરોડા પડી અંદાજે સાડા ત્રણ કરોડની વીજ ચોરી પકડી હતી.સુત્રોના જણાવ્યા મુજબ લાંબા સમયથી આ આઈસ ફેકટરીઓ દ્વારા ડાયરેક્ટ વિજન જોડાણ મેળવી વીજ ચોરી કરતી હતી.એસ.આર.પીના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે નલિયામાં થયેલ વીજ ચોરીના દરોડાની કામગીરીથી ચકચાર મચી જવા પામી છે.

**જાગૃતિ વકીલ**

---

## બિદડા-ટીપીસીડીટી :

બિદડા કોમન સર્વિસ સેન્ટર તથા ટીપીસીડીટીના અધિકાર પ્રોજેક્ટ હેઠળ મોટી ખાખર ખાતે પ્રધાનમંત્રી ગ્રામીણ ડિજિટલ સાક્ષરતા અભિયાન હેઠળની મહિલાઓને સમજ અપાવી નોંધણી કરવામાં આવી.આ અભિયાનમાં લાભાર્થીને કોમ્પ્યુટરથી અવગત કરાવી તેની કાર્યપદ્ધતિ વિશે વાકેફ કરાયા હતા.ઈન્ટરનેટ અને મોબાઈલ દ્વારા ઓનલાઈન કાર્ય કઈ રીતે થાય તે માટે સમજ અપાઈ હતી.ભીમ એપ દ્વારા થતા યુપીઆઈ ટ્રાન્ઝેક્શનની પણ માહિતી પૂરી પડાઈ હતી.

**પરેશ મારૂ**

---

## અબડાસા-અકસ્માત :

પશ્ચિમ કચ્છના સરહદી અબડાસા તાલુકાના રામપર ગોયલા વચ્ચેના મોખરાના સિંગલ પટ્ટી માર્ગે ગઈકાલે એકજ સાથે બે માલવાહક વાહન પલટી ગયા હોવાની દુર્ઘટના સર્જાઇ હતી.અકસ્માતના પગલે કલાકો સુધી બન્ને તરફના માર્ગે વાહનોની અવરજવર બંધ થઈ જતાં ઉપસ્થિત લોકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.અકસ્માત ગઈકાલે મંગળવાર બપોરે સર્જાયો હતો.જેમાં પૂરપાટ ગતિએ માટી

ભરેલું ડપર સામેથી ગતિભેર આવતી ટ્રક ને જોઈ બેકાબૂ બની પલટી ગયું હતું, સદભાગ્યે ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ના હતી.

**જાગૃતિ વકીલ**

---------------------------------------------------------------------------------------------